
### વિશ્વ ગુજરાતી ભાષા દિવસ : ૨૪ ઓગસ્ટ

# ગુજરાતી ભાષાનો વ્યાપ વધારવા, જતન માટે સરકાર દ્વારા નવતર પહેલ

**ગુજરાતી ભાષાના સમૃદ્ધ વારસાના જતન સાથે તેનો વ્યાપ વધારી ગુજરાતી ભાષાનું ગૌરવ વધારવા સૌ ગુજરાતીઓ સંકલ્પબધ્ધ બને : રાજ્યના આઠ મહાનગરો-શહેરોમાં તમામ સરકારી કાર્યાલયો, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ માહિતી આપતા લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો ઉપયોગ ફરજિયાત**

ગાંધીનગર, તા. ૨૩

જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણું પરભાત જેવા લોકપ્રિય ગુજરાતી કાવ્ય આપનાર ગુજરાતી સાહિત્યના આદ્ય કવિ અને સામાજિક પરિવર્તનના પ્રખર હિમાયતી એવા નર્મદા લાભશંકર દવે 'નર્મદ'ની સ્મૃતિમાં તેમના જન્મદિવસે એટલે કે ૨૪ ઓગસ્ટના રોજ વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ઓસ્ટ્રેલિયામાં ચાલતો ગુજરાતી એસબીએસ રેડિયો હોય કે પછી જુદા જુદા રાજ્યો અને વિદેશોમાં ચાલતા ગુજરાતી સમાજો હોય, વર્ષ ૧૯૩૨માં આવેલી પ્રથમ ગુજરાતી ચલચિત્ર 'નરસિંહ મહેતા'થી લઈને ઓસ્કારમાં જનારી પ્રથમ ગુજરાતી ચલચિત્ર 'છેલ્લો શૉ' હોય, આ તમામે ગુજરાતી ભાષાના જતન સાથે ગુજરાતી ભાષાને વૈશ્વિક સ્તરે પહોંચાડી છે. ભારતના બંધારણમાં સમાવિષ્ટ ૨૨ સત્તાવાર ભાષાઓમાંની એક ભાષા ગુજરાતી છે. ગુજરાતી એ ગુજરાત રાજ્ય તેમજ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશની સત્તાવાર ભાષા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૫.૫ કરોડ ગુજરાતી બોલનારા લોકોની સાથે ગુજરાતી ભારતમાં છઠ્ઠી સૌથી વધુ બોલાતી ભાષા છે. વધતા જતા વૈશ્વિકરણ અને શિક્ષણના વધેલા વ્યાપને કારણે ગુજરાતમાં પણ અંગ્રેજીનું મહત્વ વધ્યું છે ત્યારે ગુજરાતી ભાષાના સમૃદ્ધ વારસાના જતન



સાથે તેનો વ્યાપ વધારવા આજે વિશ્વ ગુજરાતી ભાષા દિને સૌ ગુજરાતીઓએ ભાષાની જાળવણી અને સંવર્ધન માટેનો સંકલ્પ લેવો અત્યંત આવશ્યક છે. ગુજરાતી ભાષા આ દિવસની ઉજવણીનો હેતુ કવિ નર્મદના અમૂલ્ય યોગદાનનું સ્મરણ કરવા ઉપરાંત ગુજરાતી ભાષાની સુંદરતાને વિશ્વફલકમાં ફેલાવવાનો પણ છે. રાજ્યમાં પણ ગુજરાતી ભાષાનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેક નવતર આયામો હાથ ધરીને આપણી ભાષાના સમૃદ્ધ વારસાના જતન માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે સૌ ગુજરાતીઓ પણ પોતાનું યોગદાન આપે તો જ આ દિવસની ઉજવણી સાર્થક થશે તેમજ ગુજરાતી ભાષાની સમૃદ્ધિમાં વધારો થશે. ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧માં શરૂ કરવામાં આવેલી "ગુજરાતી ભાષા પ્રચાર યોજના" જેવી પહેલ થકી ગુજરાતી ભાષા અને તેના જાજરમાન વારસાને સક્રિયપણે આગળ વધારવાનું કાર્ય કર્યું છે. આ સર્વગ્રાહી પહેલનો મુખ્ય હેતુ ગુજરાતી ભાષાના વર્ગો, સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત સાહિત્યિક કૃતિઓનો ગુજરાતીમાં અનુવાદ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ભાષા શિક્ષણને સમૃદ્ધ બનાવવાનો છે. જે ભાષાના વિકાસ માટે રાજ્યનું સમર્પણ ચરિતાર્થ કરે છે. ગુજરાતી ભાષા સરળ રીતે શીખવવા માટે અને તેને સુસંગત બનાવવા માટે આ યોજના મહત્વની ભૂમિકા ભજવી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે તાજેતરમાં રાજ્યભરની તમામ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત કરવાનું વિધેયક ગુજરાત વિધાનસભા ખાતે પસાર કર્યું હતું. આ વિધેયકને રાજ્યની વિધાનસભામાં સર્વસંમતિથી ટેકો મળ્યો હતો તે ગૌરવપૂર્ણ બાબત છે. વિધેયક મુજબ, રાજ્યની તમામ શાળાઓમાં ધોરણ ૧ થી ધોરણ ૮ સુધી ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવવામાં આવશે. જે શાળા પાલન નહીં કરે તે શાળાઓને રૂ.૫૦ હજાર થી રૂ. ૨ લાખ સુધીનો દંડ ચૂકવવો પડશે. તેના ચુસ્ત અમલીકરણ માટે ડેપ્યુટી ડાયરેક્ટર સ્તરના અધિકારી શાળાઓના અનુપાલન પર નજર રાખશે અને જો ઉલ્લંઘન થતું જણાશે તો તેની સામે કડક પગલાં લેશે. આ વિધેયક ગુજરાતી ભાષાના જતન અને સંવર્ધનની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. જેના થકી રાજ્યના પ્રત્યેક વિદ્યાર્થીને પોતાની માતૃભાષા-ગુજરાતી ભાષા શીખવાની તેમજ પોતાના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા સાથે જોડાવાની પૂર્ણ તક મળી છે. રાજ્ય સરકારની ગુજરાતી ભાષાની જાળવણી અને સંવર્ધન ઉપરાંત તેનો વ્યાપ વધારવા અંગેની અડગ પ્રતિબદ્ધતા વિશ્વના વિવિધ દેશોમાં પણ ગુજરાતીઓ માટે ભવિષ્ય ઉજળું બનાવી રહી છે.

## રાજ્ય સરકારની વિવિધ પહેલ

### રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

ગુજરાતી ભાષા એ ફક્ત ભાષા નથી, એક બહોળો ગૌરવશાળી ઈતિહાસ અને સમૃદ્ધ સાહિત્ય ધરાવતી સંસ્કૃતિ છે. રાજ્યમાં રાજભાષા ગુજરાતીનો બહોળો ઉપયોગ થાય તે આશયથી રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા પ્રથમ તબક્કે ગુજરાત રાજ્યની આઠ મહાનગરપાલિકાઓ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગરમાં સર્વે સરકારી કાર્યાલયો, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ જ્યાં જ્યાં નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરવા પરિપત્ર કરી સૂચનાઓ આપવામાં આવેલી છે. આ ઉપરાંત સરકારી પરિસરોની જેમ જ ખાનગી માલિકીના સાર્વજનિક સ્થળોએ જેમ કે સિનેમાગૃહ, નાટ્યગૃહ, બેક્વેટ હૉલ, શાળા, કૉલેજ, સુપર માર્કેટ, શૉપિંગ મોલ્સ, હૉસ્પિટલ, વાતાનુકૂલિત વ્યવસ્થા ધરાવતી હૉટેલ, રેસ્ટોરન્ટ અને કેફે, બૅંક, વાંચનાલય, બગીચાઓ સહિતના જાહેર સ્થળો પર નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો પણ ફરજિયાત ઉપયોગ કરવા સૂચનાઓ આપવામાં આવેલી છે.

### શિક્ષણ વિભાગઃ

શિક્ષણ વિભાગ તમામ શાળાઓમાં ગુજરાતીને ફરજિયાત વિષય તરીકે દાખલ કરવા માટે સમર્પિત છે, જેથી દરેક વિદ્યાર્થી તેમના વારસા અને સંસ્કૃતિ સાથે જોડાઈ શકે. પાઠ્યપુસ્તકોને વધુ રસપ્રદ બનાવી અને શિક્ષણ સામગ્રીઓમાં નવીનીકરણ લાવવા પાછળનો હેતુ સારું શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવાનો છે.

### પ્રવાસન વિભાગઃ

પ્રવાસન વિભાગે આપણા વારસાનો પરિચય કરાવતા પથ અને પ્રચાર સામગ્રી દ્વારા પર્યટન ક્ષેત્રને ગુજરાતી સંસ્કૃતિ સાથે ભેળવી દીધું છે, જે પ્રવાસન અને રાજ્યના સાંસ્કૃતિક તાણાવાણા, બંનેને સમૃદ્ધ બનાવે છે.

### માહિતી અને પ્રસારણ વિભાગઃ

ગુજરાતી ભાષાની ફિલ્મો અને ટીવી કાર્યક્રમોના નિર્માણ માટે વિશેષ પ્રોત્સાહન આપી ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ થકી ભાષાના પ્રચાર માટે માહિતી અને પ્રસારણ વિભાગ સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે.

### ભાષા નિયામકની કચેરીઃ

ભાષા નિયામકના કચેરી તેના ડિજિટલ સંસાધનો, ભાષાના વર્ગો, કાર્યશાળાઓ અને શિષ્યવૃત્તિઓ દ્વારા ગુજરાતી ભાષાના ઉત્સાહીઓને સશક્ત બનાવે છે, જે ગુજરાતી ભાષાને જીવંત રાખવા માટે વિશેષ યોગદાન આપે છે.

### ભાષિણીઃ ડિજિટલ એપ્લિકેશન

ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ભારતના સામાન્ય નાગરિકોને અનેકવિધ સેવાઓ ઘેરબેઠાં ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વિવિધ ડિજિટલ એપ્લિકેશન્સ દેશને સમર્પિત કરવામાં આવી જેમાંની એક છે ભાષિણી. ભાષિણીનો ઉદ્દેશ્ય તમામ ભારતીયોની તેમની પોતાની સ્થાનિક ભાષામાં ઈન્ટરનેટ અને ડિજિટલ સેવાઓ સુધી સરળ પહોંચ સુનિશ્ચિત કરવા અને ભારતીય ભાષાઓમાં સામગ્રી વધારવાનો છે. ભાષિણીમાં ગુજરાતી સહિત કુલ ૨૨ બંધારણીય ભારતીય ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં વર્ષ-૨૦૧૫થી સૌ પ્રથમ શરૂ કરાયેલા "ડિજિટલ ઈન્ડિયા" થકી હવે ભારતની વિવિધ સ્થાનિક ભાષાઓમાં સમજણ વધવાથી એક બીજા રાજ્યોની ભાષા સરળતાથી સમજી સંવાદ કરી શકાશે, જેથી "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ની સંકલ્પના વધુ મજબૂત બનશે. ટેકનોલોજીના વધતા વ્યાપને કારણે ગુજરાતી જેવી સ્થાનિક ભાષાઓને પણ નવો મંચ મળ્યો છે. એક વખતના માત્ર અંગ્રેજી સમજી શકતા મોબાઈલ જેવા ઉપકરણોમાં ગુજરાતી ભાષામાં હવે સરળતાથી લખી શકાતું હોવાથી નિરક્ષર લોકો પણ તેનો સરળતાથી ઉપયોગ કરતા થયા છે. યુનિકોડ ફોન્ટને કારણે હવે કોમ્પ્યુટર-મોબાઈલ વગેરેમાં ગુજરાતી લખવું સરળ બન્યું છે, તો વળી, અત્યાધુનિક ટેકનોલોજીને કારણે હવે ટાઈપ કરવાને બદલે બોલીને પણ ગુજરાતી લખી શકાય છે. આમ, ટેકનોલોજીએ ગુજરાતી સહિત સ્થાનિક ભાષાઓને નવું જીવન પ્રદાન કરવા કર્યું છે.

# એસ. વી. અંગ્રેજી પ્રાયમરી શાળામાં બીજો પેરેન્ટ્સ ટોકનો પ્રોગ્રામ યોજાયો





ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. વી. અંગ્રેજી પ્રાયમરી શાળામાં પેરેન્ટ્સ ટોક પ્રવૃત્તિ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૮ નાં વિદ્યાર્થીઓનાં વાલીઓએ વિવિધ વિષયો ઉપર વક્તવ્ય દ્વારા ખૂબ જ રસપ્રદ રીતે વિદ્યાર્થીઓ ને માહિતગાર કર્યા હતાં. વાલીઓએ પોતે જોડાયેલા વ્યવસાયમાં પોતાના દ્વારા કરવામાં આવતી કામગીરી વિશે પણ વિદ્યાર્થીઓ ને ખૂબ જ મહત્વપૂર્ણ માહિતી આપી હતી.જેમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતાં. વાલીઓ ને પ્રોત્સાહનરૂપે સર્ટિફિકેટ નું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.



આજરોજ ૧૦૦૮શ્રી પાર્શ્વનાથ ભગવાન ના મોક્ષકલ્યાણક અને મુકૂટ સપ્તમી ના દિવસે શ્રી પાર્શ્વનાથ દિ. જૈન ચૈત્યાલય, સ્વપ્રવીલા -૩, જૈન ફ્લેટ, પેથાપુર મુકામે સમગ્ર પેથાપુર દિગંબર જૈન સમાજ દ્વારા ભગવાન નો અભિષેક, પૂજન કરી હર્ષોલ્લાસ થી ભવ્ય ઉજવણી કરવામાં આવી.

## નાઉરુ ગણરાજ્યના હાઈકમિશનર સુશ્રી મર્લીન ઈનેમવીન મોસેસની રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત



ગાંધીનગર,તા. ૨૩

ભારતમાં નાઉરુ ગણરાજ્યના હાઈકમિશનના ઉચ્ચાયુક્ત સુશ્રી મર્લીન ઈનેમવીન મોસેસે આજે ગાંધીનગરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં સ્થિત મૈક્રોનેશિયાઈ દ્વીપરાષ્ટ્ર નાઉરુના ભારત ખાતેના ઉચ્ચાયુક્ત સુશ્રી મર્લીન મોસેસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક કૃષિ અભિયાનની પ્રશંસા કરતા કહ્યું કે, વિશ્વના સૌથી નાના સ્વતંત્ર ગણરાજ્ય નાઉરુમાં લોકો માત્ર માઈનિંગ અને માછીમારી જાણે છે. અનાજ સહિત તમામ ચીજ વસ્તુઓ આયાત થાય છે, એટલે મોંઘવારી પણ ખૂબ છે. નાઉરુ પણ આત્મનિર્ભર અને સ્વાવલંબી થવા ઈચ્છે છે. તેમણે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું માર્ગદર્શન ઈચ્છ્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વિદેશ મંત્રાલયના પરામર્શમાં રહીને નાઉરુમાં ભૂમિ નિષ્ણાત કૃષિ વૈજ્ઞાનિકોને બોલાવી, નાઉરુની જમીનનું સૌપ્રથમ ટેસ્ટિંગ કરાવીને પછી કૃષિ ક્ષેત્રે નિર્ણયો કરવા માર્ગદર્શન આપ્યું હતું. ફૉસ્ફેટના માઈનિંગની મુખ્ય પ્રવૃત્તિ કરતા ગણરાજ્યને તેમણે વરસાદના પાણીનો મહત્તમ સંગ્રહ કરવાનું સૂચન કર્યું હતું. પાણી અને ભૂમિ માટે યોગ્ય સંશોધનો કરીને આગામી પાંચ વર્ષમાં નાઉરુ અન્ન અને જળના સ્વાવલંબનથી આત્મનિર્ભરતાની દિશામાં પ્રગતિ કરી શકશે તેવી શુભેચ્છાઓ તેમણે વ્યક્ત કરી હતી.

સુશ્રી મર્લીન મોસેસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું ટેકનિકલ અને પ્રેક્ટીકલ માર્ગદર્શન મેળવીને પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યની મારી આ મુલાકાત અત્યંત ઉપયોગી અને ભાગ્યશાળી બની રહી.

## ગાંધીનગરની ઝુપડપટ્ટી વિસ્તારના બાળકોને ફ્રી નિશુલ્ક ટ્યુશન વ્યવસ્થા એટલે મસ્તી ની પાઠશાળા





ગાંધીનગર, તા. ૨૩

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન રઆણે રે......

આ ભજનને ખરા અર્થમાં સાર્થક કરતા એવા ગાંધીનગર ઝજી ના કર્મચારીઓ સેન્ટર હેડ હિરલબેન વ્યાસ, દિપાલીબેન, શ્રદ્ધાબેન ત્રિપાઠી, મેહુલભાઈ મોરે, અંકિતભાઈ મિસ્ત્રી, દ્રષ્ટિબેન વર્મા, સૃષ્ટિબેન ઘોર, જયદેવભાઈ, કુંજનભાઈ, વિષ્ણુભાઈ પટેલ, ખુશ્બુબેન પરમાર, અવિ પંચાલ, મેહુલભાઈ મોરે, સુનિતા રાની, સાક્ષી શર્મા જેઓની ગાંધીનગરની ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા આર્થિક રીતે પછાત અને નબળા વર્ગના વિદ્યાર્થીઓ ને ભણતરમાં મદદરૂપ થવાના હેતુથી એજ્યુકેશન કીટ નું વિતરણ કરવામાં આવ્યું બાળક ભગવાનનું રૂપ હોય છે તો આ બાળક રૂપી ભગવાનને આપેલ ભેટ માટે અને આવા ઉન્નત વિચાર માટે સમસ્ત ઝજી ટીમનાં અમે આભારી રહીશું આ પુણ્ય કાર્ય માટે કોટી કોટી વંદન. આ મસ્તી ની પાઠશાળામાં બાળકોને ફ્રી નિશુલ્ક ટ્યુશન આપવામાં આવે છે. બાળકોને ભણતરની સાથે અન્ય ક્રિએટિવિટી કરાવવામાં આવે છે. બાળકોને દરરોજ બિસ્કીટ ફળ અથવા અન્ય ભોજન આપવામાં આવે છે અહીંયા સમાજના લોકો દ્વારા જન્મદિવસ કે અન્ય ખુશીના પ્રસંગે આ બાળકો વચ્ચે આવીને એમને પ્રસાદ રૂપે કંઈક મદદ આપીને આ બાળકોની ખુશીમાં અનેક ઘણો વધારો કરવામાં આવે છે. જો તમે પણ આ બાળકો માટે કંઈક નવીન કરવા માંગતા હોય તો અને તમે પણ આ કાર્ય સાથે જોડાવા માટે ૯૧૦૬૯ ૩૬૪૨૧ નો સંપર્ક કરો. આભાર.





નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત આ અભિયાનને જન જન સુધી પહોંચાડવા માટે બ્રહ્માકુમારીઝ, પેથાપુર સેવાકેન્દ્ર દ્વારા શારદા કોલેજ કેમ્પસ, પેથાપુરમાં કાર્યક્રમ યોજાયો જેમાં ફાર્મસી, ફિઝિયોથેરાપી નર્સિંગ તથા એમએલટી ના સ્ટુડન્ટ્સને નશામુક્તિ અંગે બીકે શિલ્પાબેન જાગૃત કર્યા હતા. કોલેજના સંચાલકોએ બ્રહ્માકુમારીઝ દ્વારા કરવામાં આવતા આવા પ્રોગ્રામને આવકારવામાં આવ્યો હતો.